# પાટીદાર મતદારોને ન્યાય અપાવવા માટે એનઆરઆઈની ફોજ ગુજરાત આવશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં અમેરિકા સહિત વિવિધ દેશોમાં વસતા પાટીદારો ઉપરાંત ગુજરાતી યુવાનોની ફોજ પ્રચાર માટે ગુજરાત આવી રહી હોવાના સમાચારો પ્રાપ્ત થયા છે.

ડિસેમ્બરના પ્રથમ અઠવાડિયે આવી રહેલી આ એનઆરઆઈની ફોજ ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં પાટીદાર સહિત વિવિધ સમાજો સાથે સરકારે કરેલા અન્યાયનો બદલો લેવા તથા ખાસ કરીને પાટીદાર સમાજ પર થયેલા અત્યાચારનો બદલો મતદાનના માધ્યમથી લેવા માટેનો એક પ્રયાસ કરશે એવા સંકેતો મળ્યા છે. આ એનઆરઆઈની ફોજ ગુજરાત આવે તે પહેલાં વિવિધ વિસ્તારોનો એક સર્વે તથા પ્રચારનો પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. અમેરિકાની ચૂંટણીમાં જેમ 'અમેરિકા ફર્સ્ટ'નું એક




અભિયાન ચાલ્યું હતું તેવું જ 'પ્રથમ ગુજરાત' નામનું એક ગ્રુપ બનાવીને ગુજરાતમાં વસતા ભાઈ-બહેનોને ન્યાય અપાવવા માટે આ ગ્રુપ પ્રયાસ કરી રહ્યું છે.

પાટીદાર અનામત આંદોલન દરમિયાન ગુજરાતમાં પાટીદારો પર થયેલા હુમલા અને અત્યાચાર સમયે પણ સક્રિય એવા અમેરિકામાં વસતા પાટીદારોએ એક અભિયાન ચલાવ્યું હતું અને તે સમયે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ અમેરિકામાં પણ રજૂઆતો કરી હતી. જેમાં નરેન્દ્ર મોદીએ પાટીદાર અત્યાચારને ગંભીર ગણાવી તપાસની ખાતરી આપી હતી. પરંતુ તેનો કોઈ ઉકેલ ન આવતાં અમેરિકાના પાટીદારો ભારે રોષે ભરાયેલા છે. એવા સમયે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે અમેરિકામાં વસતા પાટીદારોએ પ્રથમ ગુજરાત નામનું એક ગ્રુપ બનાવીને પાટીદાર સહિત વિવિધ ગુજરાતીઓને એકઠા કરી ગુજરાતની ચૂંટણીમાં વિવિધ સમાજોને થયેલા અન્યાયની લડતમાં જોડાવવા માટેની વ્યૂહરચના ઘડી કાઢી છે. જેમાં આ ગ્રુપના ૭૦થી વધુ સભ્યો ચૂંટણી દરમિયાન ગુજરાત આવીને વિવિધ વિસ્તારોમાં પોતાના સમાજના આગેવાનો અને કાર્યકરોને મળીને પાટીદારો સહિતના સમાજોને ન્યાય અપાવવા માટે જોરશોરથી પ્રચાર કરશે.

'પ્રથમ ગુજરાત'ના નામે શરૂ થયેલા વિદેશમાં વસતા ગુજરાતીઓના ગ્રુપમાં અમેરિકાના દકપટેલ, પ્રવિણ પટેલ, મહેશ પટેલ, ચિરાગ પંડ્યા, ડો. હેમંત પટેલ, તરૂણ પટેલ, દિપક પટેલ, ત્યાર બાદ કેનેડામાં વસતા ડો. મંગુભાઈ પાંસુરિયા, નીક પટેલ, દિલીપ પટેલ, ચિનાર પટેલ, ઓસ્ટ્રેલિયાના બિપીન પટેલ, મયુર પંચાલ, પ્રદિપ પટેલ, રાજ પટેલ, રશિષ પટેલ, રોકી પટેલ અને મુકેશ પટેલ સહિતના ૧૦૦થી વધુ એનઆરઆઈ દ્વારા છેલ્લા કેટલાક સમયથી ગુજરાત ઉપર નજર રાખવામાં આવી રહી છે અને ગુજરાતની તમામ રાજકીય અને સામાજિક ગતિવિધીઓ પર વોચ રાખી તેના આધારે આગામી ચૂંટણીમાં એનઆરઆઈ પાટીદારો સહિતના આગેવાનોનો ગુજરાત પ્રવાસ નક્કી કરવામાં આવી રહ્યો છે. અમેરિકાના ૭૦ પાટીદારો ઉપરાંત કેનેડા અને ઓસ્ટ્રેલિયામાંથી પણ પાટીદાર આગેવાનો ગુજરાતની ચૂંટણીમાં પ્રચાર માટે આવી રહ્યા છે.

# ૭૦ ટકાથી વધુ મતદાન થાય તો ભાજપની બેઠકો વધે, ૬૦ ટકાથી નીચે રહે તો પંજો

ગુજરાતમાં છેલ્લી સાત ચૂંટણીમાં સરેરાશ મતદાનની ટકાવારી વધતી ગઈ છે અને જ્યારે જ્યારે મતદાનના ટકા વધ્યા છે ત્યારે ત્યારે ભાજપને બહુમતિ મળી છે. ઓછા મતદાનમાં કોંગ્રેસને ફાયદો થયો છે. આ વખતની ચૂંટણીમાં જો ૭૦ ટકાથી વધુ મતદાન થશે તો ભાજપને સત્તામાં આવતા કોઈ રોકી શકશે નહીં.

ભારતના ચૂંટણી પંચના સૂત્રોએ કહ્યું હતું કે મતદાન વધવાનું મુખ્ય કારણે લોકોમાં આવેલી જાગૃતિ છે. પંચના મતદાતા જાગૃતિ અભિયાનને સારો પ્રતિસાદ મળે છે. જો કે રાજકીય પાર્ટીઓ વધતા મતદાનને તેમના પ્રયાસો કહી રહ્યાં છે. વધુ મતદાન થાય તો ભાજપ કહે છે કે અમારી તરફેણમાં લોકોએ મતો આપ્યા છે. કોંગ્રેસ પણ દાવો કરે છે કે અમારી તરફેણમાં મતદાન થયું છે.

**૨૦૧૨માં એક કરોડ જેટલા મતદારો મતદાનથી અળગા રહ્યા હતા... જો કે મતદાનની ટકાવારી સૌથી વધુ ૭૧.૩૨ જેટલી રહી હતી...**




છેલ્લી સાત ચૂંટણીમાં જોવામાં આવ્યું છે કે ૨૦૧૨ની ચૂંટણીમાં સૌથી વધુ મતદાન થયું હતું. ગઈ ચૂંટણીમાં મતદાનનો પહેલો તબક્કો ૧૩મી ડિસેમ્બરે હતો. ૮૭ બેઠકોમાં સરેરાશ ૭૦.૭૫ ટકા મત પડ્યા હતા. આ તબક્કામાં ૧.૮૧ કરોડ મતદારો હતા. બીજા તબક્કાની ચૂંટણી ૧૭મી ડિસેમ્બરે થઈ હતી અને તેમાં ૭૧.૮૫ ટકા મતદાન થયું હતું. બીજા તબક્કામાં મહત્વના વલણો જોવા મળ્યા હતા. મહિલાઓ, વૃદ્ધ અને ખરાબ સ્વાસ્થ્ય ધરાવતા મતદારોએ પણ ઉત્સાહથી મતદાન કર્યું હતું. ૨૦૧૨ની છેલ્લી ચૂંટણીમાં આ બન્ને તબક્કાનું સરેરાશ મતદાન ૭૧.૩૨ ટકા ગણવામાં આવ્યું હતું જે વિક્રમી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં ૧૯૮૦માં જ્યારે ચૂંટણી થઈ ત્યારે કુલ મતદારોની સંખ્યા ૧.૬૫ કરોડ મતદારો હતા જે પૈકી ૭૯.૮૧ લાખ મતદારોએ મતદાન કર્યું હતું. આ વર્ષમાં કુલ મતદાન ૪૮.૩૭ ટકા થયું હતું. ૧૯૯૦માં ૨.૪૮ કરોડ મતદાર પૈકી ૧.૨૯ કરોડ લોકોએ મત આપ્યા હતા જેની ટકાવારી ૫૨.૨૦ હતી. આ પછી ગુજરાતમાં સત્તા પરિવર્તન થયું છે. ૧૯૯૫માં યોજાયેલી ચૂંટણીમાં ૨.૯૦ કરોડ મતદારો પૈકી ૧.૮૬ કરોડ મતદારોએ મતદાન કર્યું હતું જેની ટકાવારી ૬૪.૩૯ થઈ હતી. મતદાનની ટકાવારી વધતાં રાજ્યમાં બિન કોંગ્રેસની સરકારનો ઉદય થયો હતો. આ સમયે હિન્દુત્વનું મોજું હતું અને તેનો સીધો ફાયદો ભાજપને થયો હતો. ૧૯૯૮માં પણ ૫૯.૩૦ ટકા મતદાન થયું હતું. ૨.૮૭ કરોડ મતદારો પૈકી ૧.૭૦ કરોડ મતદારોએ મત આપ્યા હતા.

૨૦૦૨માં મોદીના નેતૃત્વમાં થયેલી પહેલી ચૂંટણીમાં ભાજપને સૌથી વધુ ૧૨૭ બેઠકો મળી હતી. આ સમયે ૬૧.૫૪ ટકા મતદાન થયું હતું. ૩.૩૨ કરોડ પૈકી ૨.૦૪ કરોડ મતદારોએ મત આપ્યા હતા. મોદીના નેતૃત્વમાં લડાયેલી ૨૦૦૭ની ચૂંટણીમાં મતદાનની ટકાવારી ઘટીને ૫૯.૭૭ ટકા થઈ હતી. ૩.૬૫ કરોડ મતદારો પૈકી ૨.૧૮ કરોડ મતદારોએ મત આપ્યા હતા, જ્યારે છેલ્લી ચૂંટણી એટલે કે ૨૦૧૨માં ૩.૮૦ કરોડ મતદારો પૈકી ૨.૭૧ કરોડ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

**આદિવાસી જિલ્લાઓમાં વિક્રમી ૮૦ ટકાથી વધુ મત પડ્યા હતા...**

છેલ્લા ૩૫ વર્ષમાં આ સૌથી વધુ અને વિક્રમી મતદાન હતું જેમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપને ૧૧૫ બેઠકો મળી શકી હતી, જ્યારે કોંગ્રેસને ૬૧ બેઠકો પ્રાપ્ત થઈ હતી. છ બેઠકો અન્યને ફાળે ગઈ હતી.

સૌથી રસપ્રદ બાબત એવી છે કે ૨૦૧૨માં ભાજપ ૧૬ બેઠકો માત્ર બે ટકા કરતાં ઓછા અંતરથી હારી હતી જ્યારે કોંગ્રેસે ૪૬ બેઠકો પાંચ ટકા કરતાં ઓછા અંતરથી જીતી હતી. આ ચૂંટણીની મતગણતરી ગુજરાતમાં એકસાથે દરેક જિલ્લાના ચોક્કસ સ્થળોએ ૨૦મી ડિસેમ્બરના રોજ થઈ હતી.

બીજી મહત્વની બાબત એવી હતી કે તાપીમાં ૮૦.૪૩ ટકા, નર્મદામાં ૮૨.૨૧ ટકા, ભરૂચમાં ૭૫.૧૧ ટકા અને સાબરકાંઠામાં ૭૫.૫૬ ટકાનું વિક્રમી મતદાન થયું હતું અને આ વિસ્તારો આદિવાસી વસતી ધરાવે છે. એટલે કે આદિવાસી બેઠકો પર સૌથી વધુ મતદાન થયાના દાખલા છે.


# દિનુ સોલંકીને બચાવવા અમિત શાહના ઈશારે ભાજપ મેદાનમાં

## અમિત શાહ ફરાર થયા બાદ દિનુ સોલંકીના ફાર્મ હાઉસમાં સંતાયા હતા, હવે દિનુ સોલંકી પર મુશ્કેલી આવતાં અમિત શાહ તેમની વહારે ધાય છે ને માધ્યમ ભાજપને બનાવે છે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત હાઈકોર્ટ સામે જ કોઈની હત્યા થઈ હોય તેવો પહેલો બનાવ હતો, અને તે હત્યા આરટીઆઈ એકટીવીસ્ટ અમિત જેઠવાની હતી. જેમાં ભાજપના જ સાંસદ દિનુ સોલંકીનું નામ બહાર આવ્યુ હતું, જે મામલે દિનુ સોલંકીની ધરપકડ થઈ, તેમના જામીન થયા અને હવે સુપ્રીમ કોર્ટે તેમના જામીન રદ કરતાં ફરી મામલો ગરમાયો છે. જેલમાં પાછા જવાનો વારો આવતાં દિનુ સોલંકીને હવે સમાજ યાદ આવ્યો છે અને સોલંકી પોતાના ગુનાહીત કામને કારડિયા રાજપુત સમાજ સાથે જોડી કારડિયા રાજપુતને અન્યાય થયો તેવો વાહિયાત આરોપ મુકી તા ૪ નવેમ્બરના રોજ કોડીનારમાં રાજપુતોનું સંમેલન કરી રહ્યા છે.





૨૦૧૦માં અમિત શાહ ગૃહ રાજય મંત્રી હતા, શોહરાબઉદ્દીન કેસમાં તપાસ કરી રહેલી સીબીઆઈ દ્વારા તેમને સમન્સ મોકલાવામાં આવતાં અમિત શાહ પોતાનો સરકારી બંગલો છોડી ફરાર થઈ ગયા હતા. ઘણા દિવસો સુધી સીબીઆઈ તેમને શોધતી હતી, પણ તે સીબીઆઈથી બચવા માટે દિનુ સોલંકીના કોડીનારના ફાર્મ હાઉસમાં સંતાઈ બેસી રહ્યા હતા. આખરે તેમના વકિલોએ તેમને સલાહ આપી કે સીબીઆઈ સામે હાજર થવું જ પડશે, ત્યારે તેમણે શરણાગતી સ્વીકારી હતી. આમ હત્યા કેસમાં પોતાને આશ્રય આપનાર દિનુ સોલંકી પણ હત્યા કેસમાં મુશ્કેલીમાં મુકાયા છે, ત્યારે તેમને મદદ કરવા હવે અમિત શાહના ઈશારે ભાજપ ફરી મેદાનમાં આવ્યું છે. જીતુ વાઘાણીના ત્રાસને કારણે રાજપુતોએ આંદોલન શરૂ કર્યુ તેને કાઉન્ટર કરવા માટે ભાજપે દિનુ સોલંકીને કોંગ્રેસના કારણે જેલમાં જવું પડે તેવી સ્થિતિ નિર્માણ થઈ છે, તેવો ભાજપનો આરોપ છે. ૪ નવેમ્બરના રોજ દિનુ સોલંકી માટે બોલાવવામાં આવેલા સંમેલનનો હવે કારડિયા રાજપુતો જ વિરોધ કરી રહ્યા છે. આ અંગેના મેસેજ પણ વાઈરલ થવા લાગ્યા છે.

દિનુ સોલંકી અને શીવા સોલંકીએ કરેલા ગુન્હાઓને કારણે કાયદો કામ કરી રહ્યો છે ત્યારે તમને સમાજ યાદ આવ્યો ? જયારે દાનસંગ મોરી ઉપર જીતુ વાઘાણી અત્યાચાર કરતા હતા ત્યારે દિનુ સોલંકી કયાં છુપાઈ બેઠા હતા ? દાનસંગ મોરી અંગે વોટસઅપ ગ્રુપમાં મેસેજ વાયરલ કરનાર રણજીતસિંગ ઝણકાટને બોલાવી દિનુ સોંલકીએ સરકારી નોકરીમાંથી કઢાવી મુકવાની કેમ ધમકી આપી હતી ? કારડિયા સમાજના મોભી ૭૫ વર્ષના પ્રતાપસિંહ મોરીને જાહેર રસ્તા ઉપર રોકી દિનુ સોલંકીએ લાફા મારી દીધા ત્યારે સમાજ યાદ આવ્યો નહોતો ? કોડીનારને બીલેશ્વર ખાંડને ફેકટરીને તાળા મરાવી દીધા ત્યારે સમાજ યાદ આવ્યો નહીં ? બીલેશ્વરમાં શેરડી મોકલનાર અને કામ કરનાર ૯૬ ટકા લોકો કારડિયા રાજપુત હતા ત્યારે સમાજની દયા આવી નહીં ? દેવળીના રામાભાઈ બારડની સગર્ભા પુત્રવધૂની હત્યા કરનારને આશ્રય આપ્યો ત્યારે કેમ સમાજને ભૂલી ગયા ? આવી અનેક ઘટનાઓ છે ત્યારે કારડિયા સમાજ ઉપર જ અત્યાચાર કરનાર દિનુ સોલંકી અને શીવા સોલંકીને કારડિયા હોવાનું કેમ યાદ આવ્યું નહીં ? એવા સવાલો કારડિયા રાજપુતો દ્વારા જ ઊઠાવવામાં આવતાં ભાજપને પણ આ બાબતે શરમમાં મૂકાવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

## હાર્દિક પટેલે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનને આપ્યો સણસણતો જવાબ

# જો હું ખોટો છું તો આ સંસ્થા આંદોલન ચલાવે અને પાટીદારોને ન્યાય અપાવે

ગાંધીનગર, તા. ૨

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પાટીદાર આગેવાનો દ્વારા હાર્દિક પટેલની ટીકા કરતાં હાર્દિક પટેલ સમાજને ગેરમાર્ગે દોરે છે અને આ સમાજનું નહીં પણ પ્રાઈવેટ આંદોલન છે તેવુ બયાન જાહેર કર્યા બાદ આ અંગે હાર્દિકે પટેલે પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરતા કહ્યું છે કે જો હું ખોટો છું તો આ સંસ્થા આંદોલન ચલાવે અને પાટીદારોને ન્યાય અપાવે. હાર્દિક પટેલે એક ખાનગી ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં આક્ષેપ અંગે સણસણતો જવાબ આપતા કહ્યું હતું કે હું ખોટો હોઉ તો વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સમાજના મુદ્દાની વાત કરે અને સરકારને ચેતવણી આપે. પરંતુ આ સંસ્થા તો સરકારની સાથે બેસી સરકારના હિતની વાત કરી રહી છે. આપડને એવું ન ફાવે. હું તો કબણીના પેટે જન્મેલો છું. જે સાચુ છે તે જ કહીશ અને સમાજ હિતની વાત કરીશ. પાટીદાર શહીદોને ૩૫ લાખ રૂપિયા આપવાની વાત હતી અને ૨૦ લાખ રૂપિયા જ આપ્યા તેમાં પણ અમુક ચેક બાઉન્સ થયા.હાર્દિક પટેલે વધુમાં કહ્યું હતું કે ચૂંટણી સમયે આવા તો અનેક લોકો હજુ આવવાના છે. તેના તરફ બહું ધ્યાન રાખવું ન જોઈએ.સમાજ નો આર્થિક રીતે શ્રીમંત,મધ્યમ તેમજ કચડાયેલો વર્ગ, યુવાનો, મહિલાઓ, વડીલો આ આંદોલનની સાથે છે. આપના જેવા કેટલાક એનઆરઆઈ વ્યક્તિગત લાભાર્થીઓ (ધંધાકીય) લોકો વર્તમાન સરકારની વાહવાહી કરવામાંથી નવરા નથી પડતા.અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપમાંથી ચૂંટણી લડી ચૂકેલા સી. કે. પટેલ અગાઉ ખરાબ રીતે ચૂંટણી હાર્યા હતા. અબજો પતિ સી. કે. પટેલને અનામતની જરૂર નથી પણ ગરીબ પાટીદારોને જરુછે. બીજું આપને એવું લાગે કે સમાજ તમારી સાથે છે તો એક જાહેરસભા તમારી વ્યક્તિગત પ્રતિષ્ઠાથી બોલાવો (સંસ્થા કે પક્ષના નામે નહી) એટલે દૂધ નું દૂધ અને પાણીનું પાણી થઈ જશે, એવું પાટીદાર આંદોલનકારીઓ માની રહ્યા છે.વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, અમદાવાદએ પ્રાઈવેટ ટ્રસ્ટ છે. જે ભાજપના લોકોએ જ દિલ્હીની સૂચનાથી બનાવ્યું છે. આ ટ્રસ્ટ સાથે કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાને કોઈ લેવા દેવા નથી એવી સ્પષ્ટતા ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના પ્રમુખ વિક્રમભાઈ ધનજીભાઈ પટેલ તરફથી કરવામાં આવી છે.



# અમીત શાહ પોતાના ગઢ ગણાતા નારણપુરામાં મહિલા ઉમેદવારને ટિકિટ આપવાના મૂડમાં

ગુજરાત વિધાનસભાની લડાઈ, કોંગ્રેસ અને ભાજપ વચ્ચે નથી. પણ લડાઈ હવે ભાજપ અને પ્રજા વચ્ચે શરૂ થઈ ગઈ છે. જેના કારણે ટીવી ડીબેટ અને જાહેર સભામાં આત્મવિશ્વાસ દાખવી રહેલા ભાજપી નેતાઓ અંદરથી રીતસરના ફફડી ગયા છે.

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહે ખાલી કરેલી પોતાની અમદાવાદના નારણપુરા બેઠક પણ ભાજપ ગુમાવી દેશે તેવો ડર અમીત શાહને લાગી રહ્યો છે. આ બેઠક જળવાઈ રહે તે માટે અમીત શાહ કોઈ પણ જોખમ લેવા માગતા નથી અને નારણપુરાના મતદારો લાગણીમાં ખેંચાઈ મતદાન કરે તે માટે તેમણે એક મહિલા નેતાને આ બેઠક ઉપર ઉતારવાનો નિર્ણય કર્યો હોવાનું સુત્રોએ જણાવ્યુ છે.

અમીત શાહના કટ્ટર વિરોધી અને ૨૦૦૩માં જેમની હત્યા થઈ તેવા હરેન પંડયાનાં પત્ની જાગૃતી પંડયાને અમીત શાહ નારણપુરા બેઠકથી ચુંટણી લડાવી શકે તેવા એંધાણ મળી રહ્યા છે. હરેનની હત્યા પછી જાગૃતી પંડયાને પોતાના પતિની હત્યા માટે જેની સામે પ્રબળ શંકા હતી તેવા અમીત શાહ સામે લાંબો સમય સુધી લડતા રહ્યા હતા. સીબીઆઈથી લઈ સુપ્રીમ કોર્ટ સુધી જાગૃતી પંડયા ગયા હતા.

હરેનના પિતા જીવીત હતા ત્યાં સુધી પોતાના પુત્રના હત્યારા અને હત્યા કરાવનારને સજા થાય તે માટે લડતા રહ્યા તેમનો આરોપ હતો કે તેમના પુત્ર હરેનની રાજકિય હત્યા થઈ હતી. અને હત્યા પાછળ નરેન્દ્ર



મોદી હોવાનું તેઓ માનતા હતા.

બે વર્ષ પહેલા જે જાગૃતી પંડયા અમીત શાહ અને ભાજપ સામે લડી રહ્યા હતા, તેમા અચાનક રાજકિય વળાંક આવ્યો હતો અને જાગૃતી આનંદીબહેનની સરકારમાં બાળ અને મહિલા વિકાસ આયોગના ચેરમેન થયા હતા. હરેન પંડયાને ન્યાય મળે તે માટે લડી રહેલા જાગૃતીએ કયાં સંજોગોમાં ભાજપ સાથે સમાધાન કર્યુ તે હકિકત હજી બહાર આવી નથી. પણ તેના કરતા પણ વધુ આધાતજનક બાબત બહાર આવી કે હરેનની હત્યા માટે જેની સામે શંકા હતી તેવા અમીત શાહ સાથે જ તેમણે સમાધાન કરી લીધુ છે. અમીત શાહ હવે પોતાા કટ્ટર વિરોધી રહેલા હરેનના નામનો ઉપયોગ કરી જાગૃતી પંડયાને નારણપુરા બેઠક ઉપરથી ચુંટણી લડાવી સહાનુભુતીના નામે મત માંગશે.

રાજકારણમાં આવવાની જાગૃતી પંડયાની ઈચ્છા જગજાહેર હતી, પણ તે આ પ્રકારે સમાધાન કરશે તેવી કોઈને કલ્પના ન્હોતી. જાગૃતી પંડયાએ એલીસબ્રીજ વિધાનસભા બેઠક ઉપરથી ચુંટણી લડવાની શરૂઆત કરી હતી. જે બેઠક ઉપર હરેન પંડયા ૧૯૯૩માં ચુંટાયા હતા, ત્યારે કોંગ્રેસના શાસનમાં તેઓ ૪૮ હજારની જંગી બહુમતીથી ચુંટાઈ આવ્યા હતા. ૨૦૦૨ની ચુંટણીમાં આ બેઠક ઉપર નરેન્દ્ર મોદી ચુંટણી લડવા માગતા હતા. પરંતુ, હરેને પોતાની બેઠક ખાલી કરવાની ના પાડી હતી. જેના કારણે મોદીએ તેમની ટીકીટ કાપી નાખી હતી અને ૨૦૦૩માં હરેનની હત્યા થઈ ગઈ હતી.

# ચૂંટણીનાં પડઘમ વાગતાં જ કાદવ ઊછાળવાની હોડ જામી

## પોતાના પ્રતિસ્પર્ધીને કોઈપણ ભોગે નબળો પાડી દેવાની કે હરાવવાની વૃત્તિ જોર કરી રહી છે

ગાંધીનગર, તા. ૨

દેશ આઝાદ થયો ને ચૂંટણીઓ યોજાતી થઈ ત્યારે દશ્યો એવાં જોવા મળતાં કે પોતાને મનગમતા નેતાનાં ભાષણો સાંભળવા માટે લોકો આતુર રહેતા. રેલી કે પછી સભાઓનો માહોલ જોઈને લોકો દંગ થઈ જતાં. અને હવે પરિસ્થિતિ એવી આવીને ઊભી છે કે ચૂંટણીનાં પડઘમ વાગતાં જ ઉમેદવારો એકમેક પર કાદવ ઊછાળવાનું શરૂ કરી દે છે.

પોતાના પ્રતિસ્પર્ધીને કોઈપણ ભોગે નબળો પાડી દેવાની કે હરાવવાની વૃત્તિ એટલી હદે જોર કરી રહી છે કે તેને વશ થઈને ઉમેદવારો ગમે તેટલી નીચી કક્ષાએ પણ જવા તૈયાર થઈ જાય છે. અંગત જીવનની ઑડિયો ટેપ્સ, અંગત પળોની વિડીયો કે પછી કરંડિયામાં સંતાડેલા જૂના સાપ પણ કાઢીને જનતાની સામે લાવવામાં આવે છે અને આમ કરીનેય ચૂંટણી જીતવા માટે હવાતિયાં મારવામાં આવે છે.

અને હદ તો ત્યારે થાય છે કે માત્ર પ્રતિસ્પર્ધીને જ નહીં, પરંતુ પોતાના જ પક્ષના ઉમેદવારને નબળો પાડવા માટે પણ આવા હલકી કક્ષાના હથકંડા અપનાવવામાં આવે છે. અને આજના અમોઘ હથિયાર સોશિયલ મીડિયાનો એ માટે છૂટથી ઉપયોગ કરવામાં આવે છે.

આ વખતની ચૂંટણી ટાણે પણ આવું બધું થઈ જ રહ્યું છે. કોઈની દસ વર્ષ જૂની ટેપ બહાર આવી છે તો કોઈની વળી પાંચ વર્ષની ને કોઈની બે વર્ષની.

ચૂંટણીમાં ખેલદિલી જેવું તો કંઈ રહ્યું જ નથી. પોતાનાં આયોજનો, પોતાની તૈયારીઓ, પોતાની ક્ષમતા એવું હવે ઉમેદવારોને જાણે દેખાડવું જ નથી. દેખાડવું છે તો માત્ર સામેવાળો કેટલો ખરાબ છે એ. પરંતુ આ હોડમાં ઉમેદવારો એ વાત ભૂલી જાય છે કે જ્યારે આપણે સામેવાળા વ્યક્તિ ઉપર કાદવ ઉછાળીએ છીએ ત્યારે હાથ ને કપડાં તો આપણાં પણ કાદવવાળાં થાય છે. એટલો કાદવ તો આપણને પણ ખરડે જ છે. અને કોઈની પર કાદવ ઉછાળ્યા પછી એ વ્યક્તિ પણ શાંતિથી બેસી રહેવાનો નથી, એ પણ સામે કાદવ ઉછાળવાનો જ છે.

આમ સામસામે કાદવ ઉછાળવાથી કોઈ સારું સાબિત નથી થઈ રહ્યું, જનતાના મનમાં આ બધી જ બાબતો સરવાળે નકારાત્મકતા જ ઉપજાવે છે. આ તો એવું લાગી રહ્યું છે કે કયો ઉમેદવાર સારો એ નથી જોવાનું, કયો ઉમેદવાર ઓછો ખરાબ એ જ જોવાનું છે.

'એક આંખની સામે એક આંખ'ની વૃત્તિ આખી દુનિયાને અંધ કરશે એવું રાષ્ટ્રપિતાએ કહ્યું હતું, પણ એ કોઈને સમજાઈ નથી રહ્યું.

ચૂંટણી એ લોકશાહીનું પર્વ છે, એને આનંદથી ઉજવતાં ને મોજથી માણતાં શીખવું જોઈએ.

જે ઉમેદવારો અત્યારથી જ કોઈની સામે કાદવ ઉછાળી રહ્યા છે એ ચૂંટણી જીત્યા પછી શું નહીં કરે ? એ વાત મતદારોની સમજમાં પણ આવી જ રહી છે. એટલે આ ઉપાય અજમાવવાને બદલે ખેલદિલીથી ચૂંટણી લડવાની વૃત્તિ-પ્રવૃત્તિ દરેકે અપનાવી લેવી જોઈએ.